અપીલ અરજી નં.૪૪ તા.૭–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી પિંકલ પી. ધીવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)
ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પી. ધીવાલાની તા.૩૦–૩–૧૦ની અરજીથી (૧) ઉધના ભેસ્તાન રોડ ઉપર આવેલી યુનિટી (ઈન્સ્ટ્રીયલ) સર્વે નં.૫૯,૬૦,૬૧ પર આવેલ પ્લોટ નં.૩ અને ૮ ની પ્લાન પાસ કોપી આપવા વિનંતી વિ.મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૭–૫–૧૦ ની **SMC/FAP/** નં.૪૪/૨૦૧૦–૧૧

શ્રી પિંકલ પી. ધીવાલાની તા.૩૦–૩–૧૦ની અરજીથી (૧) ઉધના ભેસ્તાન રોડ ઉપર આવેલી યુનિટી (ઈન્સ્ટ્રીયલ) સર્વે નં.૫૯,૬૦,૬૧ .પર આવેલ પ્લોટ નં.૩ અને ૮ ની પ્લાન પાસ કોપી આપવા વિનંતી વિ.મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧,૪,૫ ના જવાબ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૨૦ તા.૧૭–૫–૧૦ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), ડે.કમિશ્નર (પીએન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ રજુ કરેલ નથી જે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસધાને બંને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી તેમજ અરજદારે પણ કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને રજૂ કરેલ નથી.

અરજદારની તા.૩૦–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૧૫ તા.૧૨–૪–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને મુદ્દા નં.૪ અને ૫ બાબતે તબદીલ કરવામાં આવેલ. જે મુદ્દા નં.૧ ઉધના ભેસ્તાન રોડ ઉપર આવેલી યુનિટી (ઈન્સ્ટ્રીયલ) સર્વે નં.૫૯,૬૦,૬૧ .પર આવેલ પ્લોટ નં.૩ અને ૮ ની પ્લાન પાસ કોપી આપવા વિનંતી. મુદ્દા નં.૨ ઉધનાગામ ઝાસી રાણી ગાર્ડનની સામે આવેલ ફાસ્ટફુડના રસ્તા વચ્ચે આવેલ દુકાનની પરમીશન કયા કાયદા હેઠળ આપવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી જણાવેલ કેઉધનાગામ ઝાસી રાણી ગાર્ડનની સામે આવેલ ફાસ્ટફુડના રસ્તા વચ્ચે આવેલ દુકાનને કોઈ પરમીશન આપવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આરોગ્ય/૧૮ તા.૮–૪–૧૦ થી ઉધનાગામ ઝાસી રાણી ગાર્ડનની સામે આવેલ ફાસ્ટફુડની રસ્તા વચ્ચે આવેલ દુકાનને કોઈ પરમીશન આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ ઉધના મગદલ્લા રોડ પર આવેલ મીંયાનગર સોસા.માં બાંધવામાં આવેલ પ્રેસીડન્ટ મોટર્સ અને તેની આજુ બાજુ બનાવવામાં આવેલ નવા બાંધકામના પ્લાન પાસની કોપી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર(પીએન્ડડી) કક્ષાએથી પત્ર નં.ટીડીઓ/૩૧૭ તા.૨૨–૪–૧૦ થી ટીપી સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા) ફા.પ્લોટ નં.૩૫૩ પૈકી વાળી મિલ્કતમાં આવેલ પ્રેસીડન્ટ મોટર્સ તથા તેની બાજુમાં આવેલ મિલ્કતોના બાંધકામના પ્લાનની નકલ ફી પેટે રૂ.૮૫૨/– મધ્યસ્થ શહેર વિકાસની કચેરીએથી ભરપાઈ કર્યેથી ઉકત નકલ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ ઉધના મેઈન રોડ પર આવેલ જીવન જયોત સીનેમા બાજુમા આવેલ ધ્રુવ મોટર્સ અને તેની બાજુમાં આવેલ ધ્રુવ વર્કશોપ જે પૈકી ધ્રુવ વર્કશોપની પ્લાન પાસની કોપી આપવી. મુદ્દા નં.૫ ઉધનાઝોન ઓફિસ સામે આવેલ કિરણ ટુ વેલ્યુ નામથી ચાલતી ઓફિસ રેસીડન્ટલ પ્લોટ પર આવેલ છે જેને કોમર્શીયલ માટેની પરમીશન લેવામાં આવેલ છે. લેવામાં આવેલ નથી તો શા માટે ચાલે છે? લેવામાં આવી હોય તો જણાવશો. મુદ્દા નં.૬ સુરત સેલ્સટેક્ષ ડીપાર્ટ. ધ્વારા જુની ગાડીની લે–વેચ ઉપર કેટલો ટેક્ષ લાગે છે અને એને ભરવાની જીમ્મેદારી કોની બને છે. તેવા પ્રશ્ન બાબતે અન્ય સત્તા મંડળ સહાયક વાણિયક વેરા કમિશ્નરના તા.૨૧–૪–૧૦ થી ઘટક–૧ , ઘટક–૨ અને ઘટક–૪ તરફથી સહાયક વાણિજયક વેરા કમિશ્નર મુલ્યવર્ધિત વેરા અધિનિયમ–૨૦૧૦/૧૧ હેઠળ આપવામાં આવેલ અનુસૂચિના પાના નં.૧૨૨ ઉપર એન્ટ્રી નંબર ૪૬ તથા ૪૭ મુજબના વેરાના દર લાગે. મુદ્દા નં.૭ સુરત ઓટો બ્રોકર અને ઓટો ડીલર (જુની ગાડીની લે–વેચ) કરતાં કયા કયા બ્રોકર ધ્વારા સેલ્સટેક્ષ નંબર લીધેલ છે અને કોઈ પણ ડીલર આ કાયદાનું પાલન કરતો હોય તો ફકત એ બ્રોકર કે ડીલરનું નામ અને મહીનાની કેટલી ગાડી ઉપર ટેક્ષ ભરેલ છે તેની ડીટેલ જણાવવી. તેવા પ્રશ્ન બાબતે અન્ય સત્તા મંડળના મુદ્દા નં.૬ માં જણાવેલ સત્તા મંડળ ધ્વારા મુદ્દા નં.૭ માં દર્શાવ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ પાલનપુર પાટીયા વૈભવ સોસા. સામે ખોડીયાર કોમ્પ. રેસીડેન્સી છે કે કોમર્શીયલ? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૮ તા.૨૭–૪–૧૦ થી પાલનપુર પાટીયા વૈભવ સોસા. સામે ખોડીયાર કોમ્પ.માં ભોંયતળીયે ટેના નં.૧૬ડી–૩૩–૫૯૨૧–૦–૦૦૧ થી ૧૬ડી–૩૩–૬૦૩૧–૦–૦૦૧ સુધી કોમર્શીયલ ધોરણે તથા પ્રથમ માળથી ઉપયોગનો પ્રકાર વસવાટ તરીકે આકારણી દફતરે નોંધાયેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પાલનપુર પાટીયા વૈભવ સોસા. સામે ખોડીયાર કોમ્પ. માં ભોંય તળીયે ટેના ન.૧૬ડી –૩૩–૫૯૨૧–૦–૦૦૧ થી ૧૬ ડી –૩૩–૬૦૩૧–૦–૦૦૧ સુધી કોમર્શીલ ધોરણે તથા પ્રથમ માળથી ઉપયોગનો

પ્રકાર વસવાટ તરીકે આકારણી દફતરે નોધાયેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ તાડવાડી ચાર રસ્તા પાસે આવેલ રાજેશ અગ્રવાલ હોસ્પિટલવાળુ મકાન કોમર્શીયલ પરમીશન મેળવેલ છે કે નહી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી તાડવાડી ચાર રસ્તા પાસે આવેલ રાજેશ અગ્રવાલની હોસ્પિટલ ટેના નં.૧૬ડી–૨૧–૫૫૬૧–૦–૦૦૧ નો ઉપયોગ હોસ્પિટલ તરીકે નોંધાયેલ છે. ઉપરોકત માહિતીના પાર્ટીસ્ટેટસની નકલ પાનાદીઠ રૂા.૨/– લેખે ફી ભરવાથી મળી શકશે. એમ જણાવેલ. જે બાબતે અરજદારે ઉપરોકત મુદ્દા પૈકી અપીલ અરજીમાં મુદ્દા નં.૧,૪ અને ૫ ના જવાબ મળ્યા નથી એમ જણાવી તા.૭–૫–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં. ઉધનાઝોન તરફથી માહિતી પૂરી પાડેલજ ણાતી નથી. જયારે મુદ્દા નં.૪ અને ૫ ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૧૫ તા.૧૨–૪–૧૦ થી ટાઉન પ્લાનર અને મ. જાહેર માહિતી અધિકારી (મધ્સ્થ શહેર વિકાસ)ને તબદીલ કરેલ છે પરંતુ તેઓ તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી તથા મુદ્દા નં.૪ અને ૫ અંગે ડે.કમિશ્નર(પીએન્ડડી) કક્ષાએથી નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધકારી , (ટાઉન પ્લાનીંગ) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પી. ઘીવાલા